-૪૦૦-૧-૨૦૧૧ D\Exam Form Fee -March-2011.pmd.

ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬ ટેલિગ્રામ : યુનિગુજરાત
ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)

# ગુજરાત યુનિવર્સિટી

પરિપત્ર નં. : ૨

નં. પરીક્ષા/૪-અ/ **૫૩૨૦૫** /૨૦૧૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૪ - ૧ -૨૦૧૧**

**યુનિવર્સિટી પરીક્ષાઓ માર્ચ-એપ્રિલ-૨૦૧૧**

પ્રતિ,
આચાર્યશ્રી,

**બાબત :** ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ. / ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ., થર્ડ બી.કૉમ. / ફર્સ્ટ બી.એસસી., સેકન્ડ બી.એસસી., થર્ડ બી.એસસી. / ફર્સ્ટ બી.બી.એ., સેકન્ડ બી.બી.એ., થર્ડ બી.બી.એ. / ફર્સ્ટ બી.સી.એ., સેકન્ડ બી.સી.એ., થર્ડ બી.સી.એ. / એમ.એ., એમ.કૉમ. અને એમ.એસસી. ભાગ ૧ (રીપિટર) તથા ભાગ ૨ પરીક્ષા માટેના આવેદનપત્રો એનરોલમેન્ટ / રજિસ્ટ્રેશન આધારિત પરીક્ષા ફી લઈ ચુસ્ત વેરિફિકેશન કરી ભરીને પરત મોકલી આપવા અંગે.

શ્રીમાન,

આ સાથે ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.કૉમ., ફર્સ્ટ બી.એસસી. / સેકન્ડ બી.એ., સેકન્ડ બી.કૉમ., સેકન્ડ બી.એસસી. / થર્ડ બી.એ., થર્ડ બી.કૉમ., થર્ડ બી.એસસી. / એમ.એ. ભાગ ૧ (રીપિટર), એમ.કૉમ. ભાગ ૧ (રીપિટર) તેમજ એમ.એસસી. ભાગ ૧ (રીપિટર) તથા ભાગ ૨ તથા ફર્સ્ટ બી.બી.એ., સેકન્ડ બી.બી.એ. અને થર્ડ બી.બી.એ./ફર્સ્ટ બી.સી.એ., સેકન્ડ બી.સી.એ., થર્ડ બી.સી.એ. પરીક્ષાના આવેદનપત્રો એનરોલમેન્ટ / રજિસ્ટ્રેશન આધારિત પરીક્ષા ફોર્મ ભરાવવા તેમજ તેની **Online Entry** કરવાની રહેશે તેમજ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા વિનંતી છે.

૧. ગુજરાત યુનિવર્સિટીની વેબસાઈટ **www.gujaratuniversity.org.in** માં **Examination** માં જઈ **Notice** માં જવું ત્યાંથી પ્રથમ સૂચનાઓની પ્રિન્ટ કાઢી લેવી. ત્યાર બાદ **Online Exam Form Correction System** માં જવું અને સૂચના પ્રમાણે આગળ વધવું. વેબસાઈટ પર સ્ક્રોલીંગમાં પણ **Online Exam Form Correction System** મુકેલ છે. ત્યાંથી પણ જઈ શકાશે.

૨. **Correction System** માં પાસવર્ડ આપી (પાસવર્ડ ઓફિસમાંથી મેળવી લેવો). આગળ જઈ તેમાં Fresh or Repeater વિદ્યાર્થીઓનો ડેટા અંદર તૈયાર છે. જે બને તો રિપોર્ટમાંથી પ્રિન્ટ આઉટ કાઢી લેવી અથવા અત્રેથી મોકલેલ સીટમાં કોઈ સુધારાવધારા કરવાના હોય તો કરીને **Online System** માં પણ તે રીતે **Correction** કરી લેવા તેમજ ફ્રેશ કે રીપિટર વિદ્યાર્થીઓએ જો પરીક્ષાના આવેદનપત્રો ભરેલ ન હોય તો તે **Delete** કરવા તેમજ નવા રીપિટર વિદ્યાર્થીઓ જો હોય તો તે ઉમેરવાનું (**Add**) કરવાનું રાખવું.

૩. જે વિદ્યાર્થીઓના નામ **Online** યાદીમાં ન હોય તેવા વિદ્યાર્થીઓ જેઓ પરીક્ષામાં બેસવા માગતા હોય અને જરૂરી પરીક્ષા ફી ભરી હોય તેવા વિદ્યાર્થીના એનરોલમેન્ટ નંબર / રજિસ્ટ્રેશન નંબર મેળવી લઈ **Entry System** માં સૂચના પ્રમાણે એન્ટ્રી પણ કરવી. દરેક રીપિટર વિદ્યાર્થીની અગાઉની તમામ માર્કશીટની પ્રમાણિત નકલ સાથે મોકલવાનું રાખવું.

**પરીક્ષા ફીનું ધોરણ રેગ્યુલર રીપીટર તથા એ.ટી.કે.ટી. માટે નીચે મુજબ રહેશે :**

| | |
|---|---|
| (૧) ફર્સ્ટ બી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) | રૂ. ૧૦૦/- |
| (૨) ફર્સ્ટ બી.કૉમ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) | રૂ. ૧૦૦/- |
| (૩) ફર્સ્ટ બી.એસસી. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) | રૂ. ૧૨૫/- |
| (૪) સેકન્ડ બી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) | રૂ. ૧૧૦/- |
| (૫) સેકન્ડ બી.કૉમ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) | રૂ. ૧૧૦/- |
| (૬) સેકન્ડ બી.એસસી. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) | રૂ. ૨૦૦/- |
| (૭) થર્ડ બી.એ. (રેગ્યુલર તથા રીપીટર) | રૂ. ૩૮૦/- |
| (૮) થર્ડ બી.કૉમ. (રેગ્યુલર તથા રીપીટર) | રૂ. ૩૮૦/- |
| (૯) થર્ડ બી.એસસી. (રેગ્યુલર તથા રીપીટર) | રૂ. ૪૧૦/- |
| (૧૦) એમ.એ. ભાગ ૧ (રીપીટર) | રૂ. ૨૦૦/- |
| (૧૧) એમ.એ. ભાગ ૨ (રેગ્યુલર તથા રીપીટર) | રૂ. ૪૬૦/- |
| (૧૨) એમ.કૉમ. ભાગ ૧ (રીપીટર) | રૂ. ૨૦૦/- |

[ઉલટાવો.

(૧૩) એમ.કૉમ. ભાગ ૨ (રેગ્યુલર તથા રીપીટર) રૂ. ૪૬૦/-
(૧૪) એમ.એસસી. ભાગ ૧ (રીપીટર) (for other than Maths) રૂ. ૩૦૦/-
(૧૫) એમ.એસસી. ભાગ ૧ (રીપીટર) (for Maths) રૂ. ૨૦૦/-
(૧૬) એમ.એસસી. ભાગ ૨ (રેગ્યુલર તથા રીપીટર) (for other than Maths) રૂ. ૫૬૦/-
(૧૭) એમ.એસસી. ભાગ ૨ (રેગ્યુલર તથા રીપીટર) (for Maths) રૂ. ૪૬૦/-
(૧૮) ફર્સ્ટ બી.બી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) રૂ. ૫૦૦/-
(૧૯) સેકન્ડ બી.બી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) રૂ. ૫૦૦/-
(૨૦) થર્ડ બી.બી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) રૂ. ૭૬૦/-
(૨૧) ફર્સ્ટ બી.સી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) રૂ. ૫૦૦/-
(૨૨) સેકન્ડ બી.સી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) રૂ. ૫૦૦/-
(૨૩) થર્ડ બી.સી.એ. (રેગ્યુલર, રીપીટર તથા એ.ટી.કે.ટી.) રૂ. ૭૬૦/-

**બી.એડ્. માટે અલગથી પરિપત્ર જાહેર કરવામાં આવશે.**

**છેલ્લાં વર્ષના વિદ્યાર્થીઓની કૉન્વોકેશન ફી પરીક્ષાના આવેદનપત્ર સાથે લેવાની છે. જે અંગેનો પરિપત્ર અલગથી વેબસાઈટ પર મુકવામાં આવશે. જેની ખાસ નોંધ લેવા વિનંતી.**

૪. **યાદીમાં કુલ-વિદ્યાર્થીઓ જે સંખ્યામાં થતા હોય, તે સંખ્યા પ્રમાણે તેઓની પરીક્ષા ફી ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઑર્ડર કે રોકડેથી હિસાબ શાખામાં જમા કરાવી, તે રસીદની ઝેરોક્ષ નકલ સાથે, પત્રક અને કૉલેજનો ફોરવર્ડિંગ પત્ર યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં. ૧૪માં મોકલવાનું રાખવું. ચેક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં. ડિમાન્ડ ડ્રાફ્ટનું બેંક કમિશન, કુલ ફીમાંથી બાદ કરી ફોર્મની ટોટલ ફી વગેરે વિગતો દર્શાવતું અલગ સ્ટેટમેન્ટ જોડવું. રેકર્ડ જમા કર્યાની પહોંચ અચૂક લેવી અને તમામ અગત્યનાં દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રાખવી. ડિમાન્ડ ડ્રાફ્ટનું બેંક કમિશન કાપી લઈ ડ્રાફ્ટ તૈયાર કરવો.**

૫. મોકલેલ યાદી પ્રમાણે જ વિદ્યાર્થીઓ બેસવાના છે તેમ દર્શાવી આચાર્યશ્રીએ યાદીમાં પ્રિન્ટ કરેલ કોપીમાં સહી-સિક્કા કરવા.

**ઉપરોક્ત તમામ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરી છેલ્લાં સુધારાવાળી યાદીની એક નકલ (પ્રિન્ટ આઉટ) જે ઉપર દર્શાવેલ છે. તા. ૨૮-૧-૨૦૧૧ સુધીમાં મોકલી આપવાનું રાખવું. ત્યાર બાદ તા. ૧૧-૨-૨૦૧૧ સુધી રૂ. ૧૦/- લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જરૂરી રકમના ડ્રાફ્ટ/પે ઑર્ડર સાથે આ કાર્યાલયને મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે. ત્યારબાદ મોકલેલ યાદી કે સુધારા કોઇપણ સંજોગોમાં ગ્રાહ્ય રાખી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવા વિનંતી છે, તેની સંપૂર્ણ જવાબદારી કૉલેજની રહેશે.**

૬. કોઈપણ વિદ્યાર્થી ઉપર દર્શાવેલ તારીખો સુધીમાં ફી ભરવામાં રહી ના જાય તે માટે પૂરેપૂરા પ્રયત્ન કરવા, વિદ્યાર્થીને ઘરે નોટિસ પણ મોકલવી તથા નોટિસ બોર્ડ પર વારંવાર મૂકવાં. અને ત્યારબાદ કોઈ પણ ફોર્મ પર આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી આપવા નહીં. કે યુનિવર્સિટીમાં સીધા મોકલવા નહીં. છેલ્લી ઘડીએ કૉલેજ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી પર મોકલી આપે છે, આ પ્રથા સંદતર બંધ કરવી. નિયત તારીખ પછી ફોર્મ લેવાથી પરિણામોમાં અનેક ભૂલો રહેવા પામે છે. આ માટે કૉલેજે દંડ ભરવાનો રહેશે.

૭. યુનિવર્સિટીની મંજૂરી વગર પરીક્ષાના દિવસે ડમી નંબર આપી કેટલાક વિદ્યાર્થીઓને બેસાડવાના દાખલા બન્યા હતા. તે ઘણી મોટી અને ગંભીર બાબત ગણાય. સહુ આચાર્ય મિત્રોને વિનંતી છે કે કોઈ પણ સંજોગોમાં આવા કિસ્સા ના બને તે માટે તેમની ફી અચૂક ભરાઈ જવી જોઈએ તથા શીટ અને સીડી અત્રે મોકલવાની રાખવી જ. નહીંતર આવા વિદ્યાર્થીઓની પરીક્ષા મંજૂર થશે નહીં અને તેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૮. **ગત વર્ષના અનુભવ જોતાં જે વિદ્યાર્થીઓનાં નામ રદ કરવાનાં નથી તેમનાં રદ થાય છે અને છેવટે લીગલ મેટર્સ બને છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે આ માટે ભારે દંડ કર્યો હતો. યુનિવર્સિટી પણ આવી ભૂલો માટે ભારે દંડ કરશે તથા ફોર્મ સ્વીકારશે નહીં. તેથી તમામ વિગતો વારંવાર ચેક કરવી અને ફાઈનલ યાદી નોટિસ બોર્ડ પર મૂકવી. અને વિદ્યાર્થીઓ તરફથી જરૂરી સુધારા આવે તે કરીને પછી અત્રે શીટ મોકલવાની રાખવું.**

**ખાસ નોંધ** : ચાલુ શૈક્ષણિક વર્ષથી પદવી પરીક્ષાની સાથે પદવી પ્રમાણપત્રની ફી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી જે તે પરીક્ષા ફી સાથે પદવી પ્રમાણપત્રની ફી વિદ્યાર્થી પાસેથી લેવાની રહેશે. જે અંગેનો ઉલ્લેખ પરીક્ષા ફી ની રસીદમાં જ કરવાનો રહેશે. પરીક્ષા ફી સાથે પદવી પ્રમાણપત્રની ફી પણ એક સાથે જમા કરાવવાની રહેશે. આ બાબત વિસ્તૃત જાણકારીનો પરિપત્ર અલગથી મોકલી આપવામાં આવશે.

**જિતેન્દ્ર લીલાણી**
પરીક્ષા નિયામક

નકલ રવાના :

(૧) તમામ વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન કૉલેજોનાં આચાર્યશ્રીઓ તરફ
(૨) પરીક્ષા વિભાગના તમામ વિભાગીય અધિકારીઓ તરફ
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ
(૪) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ
(૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ